
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૨ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૯, શનિવાર; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આખરે આલોક વર્માનું રાજીનામું

**ફાયર સર્વિસના ડિરેક્ટર બન્યા બાદ ચાર્જ લેવાનો ઇન્કાર કર્યો : ૩૧મી જાન્યુઆરીના દિવસે આલોક વર્મા નિવૃત્ત થનાર હતા : રાકેશ અસ્થાના સાથે લાંબી ખેંચતાણ બાદ આખરે નિરાશાજનક અંત : આક્ષેપ-પ્રતિઆક્ષેપો**



નવીદિલ્હી, તા. ૧૧

હાઈપાવર્ડ સિલેકશન કમિટિ દ્વારા સીબીઆઈના ડિરેક્ટર પદેથી દૂર કરવામાં આવ્યા બાદ અને બદલી કરવામાં આવ્યાના એક દિવસ બાદ આલોક વર્માએ આજે સરકારમાંથી રાજીનામુ આપી દીધું હતું. સરકારને રાજીનામુ મોકલીને આલોક વર્માએ તમામને ચોંકાવી દીધા છે. આલોક વર્માની ફાયર સર્વિસના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. જો કે, પહેલા તો ચાર્જ લેવાનો ઈન્કાર કર્યો હતો અને હવે રાજીનામુ આપી દીધું છે. અરુણાચલ પ્રદેશ-ગોવા-મિઝોરમ તથા કેન્દ્ર શાસિત પ્રદેશ કેડરમાંથી ૧૯૭૯ બેંચના આઈપીએસ ઓફિસર આલોક વર્મા સીબીઆઈના ૨૭માં ડિરેક્ટર તરીકે હતા. તેઓ દિલ્હી પોલીસના કમિશનર તરીકે પણ રહી ચુક્યા છે. ૩૧મી જાન્યુઆરીના દિવસે આલોક વર્મા નિવૃત્ત થઈ રહ્યા હતા. વર્મા પહેલી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે સીબીઆઈના ડિરેક્ટર બન્યા હતા. તેમની અવધિ ખુબ જ વિવાદાસ્પદ રહી હતી. છેલ્લે ભ્રષ્ટાચારના આરોપોને લઈને તેમને બે વર્ષની નિર્ધારિત અવધિ પહેલા જ દૂર કરવામાં આવ્યા હતા. વર્મા અને સીબીઆઈના સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ એકબીજા ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. મોડેથી અસ્થાનાની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ વિવાદ એટલો હદ સુધી વધી ગયો હતો કે, સરકારે બંને અધિકારીઓને બળજબરીપૂર્વક રજા ઉપર મોકલી દીધા હતા. તેમની સામે વર્મા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા અને ૮મી જાન્યુઆરીના દિવસે કોર્ટે તેમને ડિરેક્ટર પદ ઉપર ફરી ગોઠવ્યા હતા. જો કે, સિલેક્શન કમિટિએ તરત જ તેમને દૂર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગઈકાલે બેઠક મળી હતી જેમાં લાંબી ચર્ચા કરવામાં આવ્યા બાદ વર્માને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સમિતિના અન્ય સભ્યોમાં કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગે, જસ્ટિસ એકે સિકરી સામેલ હતા. જસ્ટિસ સિકરી દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ તરફથી ઉપસ્થિત રહ્યા હતા. આ મહત્વપૂર્ણ બેઠક બે કલાકથી પણ વધારે સમય સુધી ચાલી હતી. આખરે આલોક વર્માને દૂર કરવામાં આવ્યા હતા. પસંદગી કમિટિએ ૨-૧થી આ ચુકાદો આપ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ આ ચુકાદાનો વિરોધ કર્યો હતો.

સુત્રોના કહેવા મુજબ જસ્ટિસ સિકરીએ કહ્યું હતું કે, આલોક વર્માની સામે તપાસની જરૂર છે. મંગળવારના દિવસે જ સુપ્રીમ કોર્ટે આલોક વર્માને ફરી હોદ્દા પર નિમણૂંક કર્યા હતા. આલોક વર્માને હવે ફાયર સર્વિસ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડીજી બનાવવામાં આવ્યા હતા. ભ્રષ્ટાચાર અને પોતાની ફરજની ઉપેક્ષા કરવા બદલ તેમને સીબીઆઈના ડિરેક્ટર તરીકે દૂર કરાયા હતા. પેનલની બેઠક બુધવારના દિવસે પણ મળી હતી.

## કોટિ કોટિ વંદન...



## રાકેશ અસ્થાનાની એફઆઈઆર રદ કરાવવાની અરજી હાઈકોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી,તા.૧૧

દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈના સ્પેશ્યલ ડાયરેક્ટર રાકેશ અસ્થાનાએ તેમના વિરુદ્ધ ભ્રષ્ટાચારની અરજીને રદ કરવા દિલ્હી હાઈકોર્ટમાં કરેલી અરજીની આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટે અસ્થાનાની અરજી ફગાવી દેતા તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારની અરજીને રદ કરવાનો ઈંકાર કરી દીધો છે. આ ઉપરાંત દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈના ડેપ્યુટી એસપી દેવેન્દ્ર કુમાર અને કથિત વચેટિયા મનોજ પ્રસાદના કેસમાં કરાયેલી એફઆઈઆરને રદ કરવાનો સ્પષ્ટપણે ઈંકાર કરી દીધો છે.

હાઈકોર્ટે સીબીઆઈને આદેશ કરતા રાકેશ અસ્થાના તેમજ અન્યો વિરુદ્ધ ૧૦ સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવા આદેશ આપ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## યુપીના ગઠબંધનની આજે જાહેરાત કરાશે

લખનૌ,તા. ૧૧

ઉત્તર પ્રદેશની રાજનીતિમાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ આવતીકાલે ઉત્તરપ્રદેશ માટે ગઠબંધનની જાહેરાત કરી શકે છે. તેમના ગઠબંધનને લઈને સત્તાવાર જાહેરાતની રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે. શનિવારના દિવસે માયાવતી અને અખિલેશ આવતીકાલે કોઈ મોટા ઘટનાક્રમની જાહેરાત થઈ શકે છે. આના ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

**માયા-અખિલેશની બેઠક : ઉત્તરપ્રદેશને લઇને થનાર મોટી જાહેરાત ઉપર નજર કેન્દ્રિત : ભાજપના પરિણામે અમે એક થઇ રહ્યા છે**

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### પાક. શાંતિવાર્તા માટે ગંભીર નથી

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાને આરોપ લગાવ્યો છે કે ભારત શાંતિ પ્રસ્તાવોનો જવાબ નથી આપતુ. આ મામલે ભારતે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યુ છે કે પાકિસ્તાન શાંતિવાર્તા માટે ગંભીર નથી.

### શારદા ચીટફંડ મામલે ચાર્જશીટ

સીબીઆઈએ પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના પત્નિ નલિની ચિદમ્બરમ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરી દાવો કર્યો છે કે શારદા ચીટફંડ કૌભાંડમાં તેમને ૧.૪ કરોડ રૂ. મળ્યા છે. કોલકત્તાની ખાસ કોર્ટમાં આ ચાર્જશીટ દાખલ કરાઈ છે.

### ૨૦૨૧માં ભારત અંતરિક્ષમાં માનવ મોકલશે

ડિસેમ્બર ૨૦૨૧માં ભારત અંતરિક્ષમાં માનવ અભિયાન મોકલશે. આ પહેલા ડિસેમ્બર ૨૦૨૦ અને જુલાઈ ૨૦૨૧માં માનવરહિત અભિયાન ચલાવાશે. ઈસરોના પ્રમુખે આ અંગે જાણકારી આપી છે.

### નાના વેપારીઓને વીમા કવચ મળશે

સરકાર જેએસટી હેઠળ નાના વેપારીઓને વીમા કવચ આપવાની તૈયારી કરી રહી છે. જીએસટી હેઠળ નોંધાયેલા નાના અને મધ્યમ કર્મચારીઓને ખૂબ ઓછા પ્રિમિયમ પર વીમાનો લાભ મળશે.

### જર્મનીમાં ૩૬ ઇંચ બરફવર્ષા

યુરોપમાં બરફવર્ષાના કારણે અંધાધૂંધી સર્જાઈ છે. હજારો લોકો હિમપ્રપાતના કારણે રોડ પર ફસાઈ ગયા છે. જર્મની અને ઓસ્ટ્રિયામાં હાઈએસ્ટ રેડ વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. આગામી બે દિવસોમાં હજુ ૬ ફૂટ (૭૨ ઈંચ) વધુ બરફવર્ષા થશે તેવી આગાહી છે. ગુરૂવારે ઓસ્ટ્રિયામાં ૧૬ વર્ષના જર્મન-ઓસ્ટ્રેલિયન યુવક સહિત અત્યાર સુધી ૧૭ લોકોનાં મોત થયા છે. ગુરૂવારે રાત્રે અહીં ૩ ફૂટ (૩૬ ઈંચ) બરફવર્ષા થઈ હતી.

## અમિત શાહે કાર્યકરોને વિજયનો વિશ્વાસ આપ્યો



નવી દિલ્હી, તા. ૧૬

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનના પ્રથમ દિવસે ભાજપ અધ્યક્ષ અમિત શાહે પોતાની સરકારની સિદ્ધિઓને ગણાવીને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. સમીકરણ ઉપર વાત કરતા શાહે કહ્યું હતું કે, આ ગઠબંધન દેખાવવા પુરતા છે. ભાજપ ગરીબોના કલ્યાણ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને આગળ વધારી રહી છે. જ્યારે વિપક્ષી દળો માત્ર સત્તા માટે એક સાથે આવવાની યોજના બનાવી રહ્યા છે. દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજિત અધિવેશનમાં ભાજપના કાર્યકરોને અપીલ કરતા કહ્યું હતું કે, ૨૦૧૯માં મોદીની સરકાર બનશે તો કેરળ સુધી ભાજપ સરકાર બનાવી લેશે. શાહે એમ પણ કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણી ખુબ જ પડકારરુપ ચૂંટણી છે. સ્વચ્છતા, ગંગાના પાણીના શુદ્ધિકરણ, બેટી બચાવો, બેટી પઢાવો જેવી યોજનાઓનો ઉલ્લેખ કરીને શાહે ભાજપ સરકારની પ્રશંસા કરી હતી. રામ મંદિરના મુદ્દા ઉપર પણ અમિત શાહે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપ ઈચ્છે છે કે, વહેલીતકે એજ સ્થળ પર મંદિરનું ભવ્ય નિર્માણ કરવામાં આવે. આમા કોઈપણ પ્રકારની દુવિધા નથી. શાહે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. વહેલીતકે કેસનો નિકાલ આવે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. અમિત શાહે ખાતરી આપતા કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

**ભાજપના રાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ : ૨૦૧૯ની ચૂંટણી વૈચારિક યુદ્ધ : મોદી તેમજ અન્ય વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં શાહના પ્રહારો**

અમિત શાહે કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણી એક વૈચારિક યુદ્ધ સમાન છે. તેમણે કહ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવશે. ઉત્તરપ્રદેશમાં ૭૩-૭૪ સીટો જીતવાનો પણ દાવો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, સમગ્ર દુનિયામાં નરેન્દ્ર મોદી જેવા નેતા હાલમાં કોઈપણ પાર્ટી પાસે નથી. ગઠબંધનને લઈને બની રહેલા

## પત્રકાર હત્યા કેસમાં ગુરમિત રામરહીમ દોષિત જાહેર

**૧૭મી જાન્યુઆરીના દિવસે સજાની જાહેરાત : ૧૬ વર્ષ જુના હત્યાના કેસમાં અંતે દોષિત જાહેર : ચુકાદા વેળા કલમ ૧૪૪ વચ્ચે મજબૂત સુરક્ષા વ્યવસ્થા**

પંચકુલા, તા. ૧૧

હરિયાણાના પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યાકાંડમાં ડેરા સચ્ચા સોદાના પ્રમુખ ગુરમિત રામરહીમને કોર્ટે દોષિત ઠેરવ્યા છે. પંચકુલાની ખાસ સીબીઆઈ કોર્ટે ગુરમિત રામરહીમને અપરાધી જાહેર કર્યા છે. પંચકુલા સીબીઆઈ કોર્ટના ચુકાદા બાદ રામરહીમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ૧૬ વર્ષ જુના આ મામલામાં રામરહીમ સહિત ચાર અપરાધીઓને આજે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હવે રામરહીમ અને બાકીના દોષિતોને ૧૭મી જાન્યુઆરીના દિવસે સજા કરવામાં આવશે. સુનાવણીથી પહેલા પંચકુલામાં સીબીઆઈની ખાસ અદાલતમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી. જાતિય સતામણીના કેસમાં રામરહીમને અગાઉ સજા કરવામાં આવ્યા બાદ વ્યાપક હિંસાક ભડકી ઉઠી હતી જેને ધ્યાનમાં લઈને વહીવટીતંત્રએ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી. રામરહીમને વિડિયો કોન્ફરન્સિંગ મારફતે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન મિડિયાને પણ તક આપવામાં આવી ન હતી. ખાસ અદાલતે રામરહીમ ઉપરાંત અન્ય ત્રણ આરોપીઓને દોષિત ગણ્યા હતા. કોર્ટ સંકુલની આસપાસ ૫૦૦ની સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. બેરીકેડિંગ કરવામાં આવી હતી. કોઈપણ લોકો એકત્રિત થઈ ન શકે તે માટે કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. શાંતિ જાળવી રાખવા માટે લોકોને કહેવામાં આવ્યું હતું. રામરહીમ સાથે જોડાયેલા નિર્ણયના પરિણામે હરિયાણા અને પંજાબમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી. ગુરમિત રામ રહીમને વિડિયો કોન્ફરન્સિંગથી રજૂ કરાયા હતા જ્યારે અન્યોને પ્રત્યક્ષરીતે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ગુરમિત રામરહીમ હાલમાં રોહતકની સોનારિયા જેમાં છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

MARUTI SUZUKI ARENA

ખરીદવાની છેલ્લી તક,
ભાવ વધે તે પહેલાં.
ભાવ વધે તે પહેલાં આશ્ચર્યજનક ઓફર્સનો લાભ લેવા માટે મર્યાદિત સમય.



સ્ટોક હશે ત્યાં સુધી ઓફર માન્ય.

WagonR Save up to ₹ 63,000/-*
Alto 800 Save up to ₹ 53,000/-*
Alto K10 Save up to ₹ 53,000/-*
Vitara Brezza Save up to ₹ 30,000/-*
Dzire Save up to ₹ 72,500/-*
Swift Save up to ₹ 57,500/-*
Celerio Save up to ₹ 63,000/-*
EECO Save up to ₹ 13,000/-*

WAGONR ALTO 800 ALTO K10 ERTIGA VITARA BREZZA DZIRE SWIFT CELERIO EECO

*Terms & Conditions apply. Offers applicable on selected models. Car models and accessories shown may vary from the actual product. Images used are for illustration purposes only. Total Benefit includes MGA + Consumer offer + Exchange Offer & ISL Offer. Offer may vary variant to variant All Offer by Maruti Suzuki Dealers.

NANDA AUTOMOBILES PVT. LTD. M. : 99780 44000, 97277 26098/99
KALOL : Nr. Ganesh Petrol Pump, Chirag Cinema Road. M. : 9727726008 MANSA : 11-12, Muktanand Complex, Mansa-Gandhinagar Highway. M : 9727726054
DEHGAM : Nr. Umiya Mata Temple, College Road. M. : 9727726009 TRUE VALUE SHOWROOM : No. 463, Saral Hight, Opp. Raysan Petrol Pump, Sangath Gate, Koba, Gandhinagar Rd, Kudasan. M.: 9727726012 AHMEDABAD : Avadh Arcade, Nr. Shell Petrol Pump, 132 Ft. Ring Rd, Jivraj Park. MARUTI DRIVING SCHOOL : Ph.079-65728231